# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-08-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*******************************************************

✓ મેડિકલ ક્ષેત્રના વ્યાવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય કાર્યદળની રચના કરીઃ

✓ આરોગ્ય મંત્રાલયનો કેન્દ્ર સરકારની તમામ હોસ્પિટલોમાં સલામતી વધારવાનો નિર્દેશ

✓ ભારત અને મલેશિયા વચ્ચે અનેક ક્ષેત્રોમાં પરસ્પર સહકાર ક્ષેત્રે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર

✓ કેન્દ્રીય જાહેર સેવા આયોગ-યુપીએસસીએ લેટરલ એન્ટ્રી અંગેની જાહેરાત રદ કરી

✓ એઇમ્સે શંકાસ્પદ મન્કીપોક્સ વાઇરસ ધરાવતા દર્દીઓ માટે જરૂરી પગલાં અંગેની માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરી

✓ ભારતીય હવામાન વિભાગની આગામી બે દિવસ સુધી ઉત્તરપૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## KOLKATA RAPE AND MURDER CASE

સર્વોચ્ચ અદાલતે મેડિકલ ક્ષેત્રના વ્યાવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા રાષ્ટ્રીય કાર્યદળની રચના કરી છે. કોલકતાની હોસ્પિટલમાં એક ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા કેસની સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયમૂર્તિ ડીવાય ચંદ્રચૂડનાં વડપણ હેઠળની બેન્ચે ત્રણ સપ્તાહમાં વચગાળાનો અહેવાલ અને બે મહિનામાં અંતિમ અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવા રાષ્ટ્રભરમાં કાર્યપધ્ધતિ નક્કી કરવા ભલામણો મંગાવવા માટે ડોક્ટરોને સમાવતા રાષ્ટ્રીય કાર્યદળ રચવામાં આવ્યું છે.

દેશભરમાં ડોક્ટર્સ અને મેડિકલ વ્યાવસાયિકો માટે અસલામત કાર્ય વાતાવરણ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતાં અદાલતે જણાવ્યું કે, વર્તમાન કાયદાઓ ડોક્ટર્સની સલામતી માટે અપૂરતા છે.

દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કેન્દ્ર સરકારની તમામ હોસ્પિટલોનાં વડાઓને પત્ર લખીને હોસ્પિટલોમાં સલામતી વધારવા નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે હોસ્પિટલનાં પ્રવેશદ્વાર, બહાર નીકળવાનો રસ્તો, કોરિડોર, અંધારી જગ્યા અને સંવેદનશીલ વિસ્તારો સહિતનાં વ્યૂહાત્મક સ્થળોએ પૂરતી સંખ્યામાં હાઇ રિઝોલ્યુશન સીસીટીવી કેમેરા ગોઠવવા જણાવ્યું છે.

દરમિયાન, નવી દિલ્હી સ્થિત આરએમએલ હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશને હડતાળ સમેટી લીધી છે.

દરમિયાન, મહારાષ્ટ્રનાં બદલાપુરની એક શાળામાં કિશોરીની જાતિય સતામણીનાં કેસની તપાસ માટે વરિષ્ઠ આઇએએસ અધિકારી આરતી સિંહનાં વડપણ હેઠળ વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી હોવાનું નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું છે.

## GOVT - FAIR PRICE SHOP

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશીએ આજે વાજબી ભાવની 60 દુકાનોને જન પોષણ કેન્દ્રોમાં પરિવર્તિત કરવા માટે એક પ્રાયોગિક કાર્યક્રમ શરૂ કર્યો. નવી દિલ્હીમાં એક સભાને સંબોધતા શ્રી જોશીએ જણાવ્યું કે જન પોષણ કેન્દ્રો વાજબી ભાવની દુકાનના ડીલરોને તેમની આવક વધારવામાં મદદ કરશે. મંત્રીએ મેરા રાશન એપ, ક્વૉલિટી મેનેજમેન્ટ સિસ્ટમ, ક્વૉલિટી મેન્યુઅલ હેન્ડબુક, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના કોન્ટ્રાક્ટ મેન્યુઅલ અને પ્રયોગશાળાઓને NABL માન્યતા સહિત અન્ય પાંચ કાર્યક્રમો પણ શરૂ કર્યા હતા.

## MODI-MALAYSIA PM

ભારત અને મલેશિયાએ શ્રમ અને રોજગાર, આયુર્વેદ, પરંપરાગત દવાઓ, ડિજિટલ ટેકનોલોજી, સંસ્કૃતિ, પર્યટન અને રમતગમત ક્ષેત્રોમાં સહકાર ક્ષેત્રે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

બંને દેશોએ જાહેર વહીવટ, વહીવટી સુધારણા અને પરસ્પર સહયોગના ક્ષેત્રમાં પણ કરારો કર્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના મલેશિયાના સમકક્ષ દાતો સેરી અનવર બિન ઇબ્રાહિમ વચ્ચે આજે નવી દિલ્હીમાં યોજાયેલી પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ આ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

બાદમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત અને મલેશિયાએ તેમની વ્યાપક રણનિતી ભાગીદારીને વધારવાનો નિર્ણય લીધો છે. આસિયાન અને ભારત-પ્રશાંત દેશોમાં મલેશિયા ભારત માટે મહત્વનો ભાગીદાર છે.

આ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મુજબ જણાવ્યું..

**(Byte - Modi)**

આ પ્રસંગે મલેશિયાના પ્રધાનમંત્રી દાતો સેરી અનવર બિન ઇબ્રાહિમે જણાવ્યું કે, બંને દેશોએ હજુ અનેક વેપારી ક્ષેત્રોને ચકાસવાની જરૂર છે. તેમણે જણાવ્યું કે, ભારત ભવ્ય ઇતિહાસ, સંસ્કૃતિ અને સભ્યતા ધરાવતો મહત્વપૂર્ણ અને મહાન દેશ છે.

## SRILANKA –MOU

ભારતીય કંપની 'પેટ્રોનેટ LNG લિમિટેડ' અને શ્રીલંકા સ્થિત ખાનગી કંપની વચ્ચે કોલંબોમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ-એલએનજીના માળખાકીય વિકાસ અને પુરવઠા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. શ્રીલંકાના ઉર્જા મંત્રી કંચના વિજેસેકારા અને ભારતના ડેપ્યુટી હાઈ કમિશનર ડૉ. સત્યંજલ પાંડેએ નવી દિલ્હીમાં સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

આ સમજૂતિથી શ્રીલંકાના ટકાઉ ઉર્જા ઉત્પાદન ક્ષેત્રે પ્રયત્નો વેગવાન બનશે તેમજ કોલંબો નજીક કેરાવલાપીટીયા ખાતે 1000 મેગાવોટથી વધુની ક્ષમતા ધરાવતા એલએનજી આધારિત પાવર પ્લાન્ટનો વિકાસ થશે તેમજ કોચી એલએનજી ટર્મિનલમાંથી ઇંધણનો પુરવઠો મોકલી શકાશે.

આ કાર્યક્રમમાં બોલતા, શ્રી વિજેસેકરાએ કટોકટી દરમિયાન શ્રીલંકાને આપેલા સહકાર બદલ ભારત સરકારનો આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું કે, આ કરારથી ઘરોમાં અને અન્ય સ્થાનિક જરૂરિયાતોમાં બળતણ તરીકે એલએનજીનો ઉપયોગ થઈ શકશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## GOVT - LATERAL ENTRY

કેન્દ્રીય જાહેર સેવા આયોગ-યુપીએસસીએ લેટરલ એન્ટ્રી અંગેની જાહેરાત રદ કરી છે. અગાઉ, સરકારે યુપીએસસીને લેટરલ એન્ટ્રી અંગેની જાહેરાત રદ કરવા નિર્દેશ આપ્યો હતો. યુપીએસસીએ તાજેતરમાં કેન્દ્રીય મંત્રાલયોમાં 45 સંયુક્ત સચિવો, નિયામકો અને નાયબ સચિવોની નિયુક્તિ માટેની જાહેરાત પ્રસિદ્ધ કરી હતી, જેની સામે વિરોધ પક્ષોએ પ્રશ્નો ઉઠાવ્યા હતા.

કેન્દ્રીય કાર્મિક અને લોક ફરિયાદ મંત્રી ડોક્ટર જીતેન્દ્ર પ્રસાદે યુપીએસસીના ચેરમેન પ્રિતી સુદાનને પત્ર લખીને જાહેરાત રદ કરવા જણાવ્યું હતું.

દરમિયાન, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, લેટરલ એન્ટ્રીને અનામતના સિધ્ધાંતો સાથે સંલગ્ન કરવાનો નિર્ણય સામાજિક ન્યાય પ્રત્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રધિબધ્ધતા સૂચવે છે. સામાજિક માધ્યમની પોસ્ટમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું કે પ્રધાનમંત્રી હંમેશા સામાજિક ન્યાયમાં માનતા આવ્યા છે અને તેમનાં કાર્યક્રમોથી સમાજનાં સૌથી નબળાં વર્ગોનું કલ્યાણ થયું છે.

## PM-RAJIV TRIBUTE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભૂતપુર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ રાજીવ ગાંધીની જન્મજયંતિએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ નવી દિલ્હીમાં વીર ભૂમિની મુલાકાત લીધી હતી અને સ્વર્ગસ્થ રાજીવ ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## KASHMIR ELECTION

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું પ્રસિધ્ધ થયા પછી આજે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઈ છે. પ્રથમ તબક્કામાં 24 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. 18મી સપ્ટેમ્બરે મતદાન થશે.

## KASHMIR EARTHQUAKE

કશ્મીર ખીણમાં મંગળવારે ભૂકંપનાં સતત બે આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 4.9 અને 4.8 નોંધાઈ હતી. જોકે, આ ભૂકંપથી જાન-માલને નુકસાન થયાનાં કોઈ સમાચાર નથી. બંને ભૂકંપનાં કેન્દ્રબિંદુ બારામુલા જિલ્લામાં હતા.

ઉલ્લેખનીય છે કે કાશ્મીર ખીણ ભૂકંપ સંભવિત ક્ષેત્રમાં સ્થિત છે. 8 ઓક્ટોબર 2005નાં રોજ 7.6ની તીવ્રતાના ભૂકંપથી 80 હજારથી વધુ લોકોનાં મૃત્યુ થયા હતા.

## AIIMS-MONKEYPOX

ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ-એઇમ્સે શંકાસ્પદ મન્કીપોક્સ વાઇરસ ધરાવતા દર્દીઓ માટે જરૂરી પગલાં અંગેની માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરી છે. એઇમ્સે જણાવ્યું છે કે, તાવ, ફોલ્લી અથવા તો મન્કીપોક્સનાં પુષ્ટિ થયેલા કેસોનાં સંપર્કમાં આવ્યા હોય તેવા દર્દીઓની તાત્કાલિક તપાસ કરવામાં આવે અને મહત્વનાં લક્ષણો ઓળખી કાઢવામાં આવે. સંસ્થાએ શંકાસ્પદ દર્દીઓને નિશ્ચિત આઇસોલેશન એરિયામાં ખસેડવા તમામ વિભાગોને નિર્દેશ આપ્યો છે અને મન્કીપોક્સના દર્દીઓ માટે પાંચ બેડ અલગ રાખ્યા છે. દિલ્હીની સફદરજંગ હોસ્પિટલને મન્કીપોક્સનાં દર્દીઓની સારવાર માટે નિર્દિષ્ટ કરવામાં આવી છે.

## INTERNET AND TELECOM

નાણાકીય વર્ષ 2023-2024માં દેશમાં 7.3 કરોડ ઈન્ટરનેટ ગ્રાહકો અને 7.7 કરોડ બ્રોડબેન્ડ ગ્રાહકો ઉમેરાયા છે. સંદેશાવ્યવહાર મંત્રાલયે જણાવ્યું છે કે, આ સમયગાળા દરમિયાન ઈન્ટરનેટ ગ્રાહકોની સંખ્યા 88 કરોડથી વધીને 95 કરોડ થઈ ગઈ છે.

2023-2024 દરમિયાન ટેલિકોમ સેક્ટરમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા- TRAIના વાર્ષિક અહેવાલ મુજબ, દેશમાં ટેલિફોન ગ્રાહકોની સંખ્યા ગયા વર્ષના માર્ચના અંતમાં 117 કરોડથી વધીને આ વર્ષના માર્ચના અંતે લગભગ 120 કરોડ થઈ ગઈ છે.

## IMD

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી બે દિવસ સુધી ઉત્તરપૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં હવાના ઓછા દબાણની પરિસ્થિતી સર્જાતા આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશા સહિત દેશના પૂર્વીય ભાગોમાં પણ આગામી થોડા દિવસો સુધી ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે પણ આગામી બે દિવસ દરમિયાન કેરળ, તમિલનાડુ અને લક્ષદ્વીપમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.